જખમ અને જોખમનો
સરવાળો એટલે જીંદગી
- જ્ઞાનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૮ | ૨૧ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર ; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાને માર્ચ-૧૬ સુધીમાં નિર્મળ જિલ્લો બનાવાશે

## સ્વચ્છતા મિશન માટે બજેટમાં પણ વિશેષ જોગવાઈ કરવા સહિત તંત્ર એ આ અંગેનો રોડમેપ તૈયાર કરી દીધો છે : ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૦૦ કન્ટેઈનરો ૧૦૦ ગામોમાં મુકાશે : લિફ્ટીંગનો ચાર્જ નિયત કરવા માટે બંને તંત્રો વચ્ચે વાટાઘાટો ચાલુ છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાને માર્ચ ૨૦૧૬ સુધીમાં નિર્મળ બનાવવા માટે પંચાયત તંત્ર એ કમર કસી છે અને આને લઈ આ બજેટમાં પણ વિશેષ જોગવાઈ કરવામાં આવે તેવી શકયતાઓ છે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ૬૦ ગામોમાં સ્વચ્છતા મિશન પ્રોજેકટ અમલી બનાવ્યા બાદ હવે જિલ્લાના તમામ ગામોમાં સ્વચ્છતા મિશનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૧૦૦ જેટલા ગામોમાં ઘન કચરાના એકત્રીકરણ માટે ગાંધીનગર મહાનગરપાલિકા પાસેથી કન્ટેઈનરો મેળવવાની દરખાસ્ત કરી દેવામાં આવી છે તેમજ આ કન્ટેઈનરો ઉપાડવા માટે મનપા સાથે ભાડાના દરને લઈ પણ પ્રાથમિક ચર્ચાઓ ચાલી રહી છે. જે એકાદ પખવાડિયામાં પૂર્ણ થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેકટ અમલીકરણ માટેનો એકશન પ્લાન તંત્ર એ લગભગ તૈયાર કરી લીધો છે. ૬૦ ઉપરાંતના ગામોમાં હાલ તેનું અમલીકરણ ચાલી રહ્યું છે. બીજી તરફ કચરાના એકત્રીકરણ માટે રૂ. ૭૫૦૦ની કિંમતની એક એવી આધુનિક લારીઓ પણ ટૂંક જ સમયમાં વિતરણ કરાય તેવી શકયતાઓના નિર્દેશ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૭ જેટલા ગામો અગાઉ નિર્મળ ગામ ઘોષિત થઈ ચુકયા છે. તંત્ર દ્વારા જિલ્લાને નિર્મળ બનાવવાનો પડકાર ઉપાડી લેવામાં આવ્યો છે તેમજ તે અંગેનો રોડમેપ પણ તૈયાર થઈ ગયાનું આ સૂત્રોએ જણાવ્યું છે. લેન્ડફિલ્ડ સાઈટ પણ ગામની નજીક જ ઉભી કરવામાં આવશે તેમજ કચરાના એકત્રીકરણ બાદ થનારી આવક પણ જે તે પંચાયતના બેંક ખાતામાં જ જમા કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# એમ.એસ. બિલ્ડીંગમાં મનપા દ્વારા સર્કલ બનાવાશે

## કેન્ટીનની સુવિધા માટે સામે ગાર્ડનમાં ઝૂંપડી જેવું કાચુ છાપરૂ બનાવી ચા-નાસ્તાની લિજ્જતનું સ્થળ બનાવાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા સેવા સદન સંકુલમાં જ એક નાનકડું સર્કલ બનાવી સદનની ટ્રાફિક વ્યવસ્થાનું નિયમન કરશે. આ ઉપરાંત જનસેવા કેન્દ્રની સામે ઝુંપડી જેવી હાટ બનાવી કેન્ટીનની સેવા કર્મચારીઓ માટે ઉપલબ્ધ બનાવશે.

મહાનગરપાલિકાના વિશ્વસનીય સાધનોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૬મી જાન્યુઆરીએ સર્કલ તેમજ કેન્ટીનનું મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ઉદઘાટન પણ કરવામાં આવે તે રીતે કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે.

ગાંધીનગરના એમ.એસ., બિલ્ડીંગમાં પાર્કિંગ અને વાહનોની અવરજવર અંગે સમસ્યાઓ છે તેનું નિયમન કરવા માટે હવે તંત્ર એ અંદર અને બહાર જવા અંગે સર્કલનો વિકલ્પ સ્વીકારી અને નાનકડુ સર્કલ ફુવારા સાથે વિકસાવવાનો નિર્ણય મનપાએ કર્યો છે.

આ નાનકડું સર્કલ પસાર કરીને જ વાહનચાલક પ્રવેશ કરી સકશે. જયારે બહાર જવા માટે પણ તેણે સર્કલનો જ ઉપયોગ કરવાનો રહેશે. સેવા સદનમાં આમ તો એ ભાગમાં અન્ય સરકારી કચેરીઓ છે પરંતુ પાર્કિંગની સમસ્યા ગંભીર બની રહી છે ત્યારે તંત્ર એ આ નિર્ણય કરી અને કામગીરી આરંભી પણ દીધી છે.

મળતી વિગતો મુજબ પ્રવેશ દ્વાર નજીક પ્રવેશ અને બહાર નીકળવાના બે માર્ગ સર્કલ બનતાં અલગ થશે અને જેથી બીજી સમસ્યાઓનો આપોઆપ નિકાલ થઈ જશે. આ સર્કલમાં ખાસ ફુવારાનું પણ ફીટીંગ કરવામાં આવનાર છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને રાજય સરકારે સાત જેટલા સર્કલો વિકસાવવાની જવાબદારી સોંપી છે હવે મનપા પોતાની કચેરીમાં ૮મું સર્કલ

● અનુસંધાન પાન-૭ પર



આંબે આવ્યા મ્હોર - વસંતના વધામણા એટલે આંબે મ્હોર આવ્યાની નિશાની... આપણી સંસ્કૃતિમાં વસંતનો મહિમા અનોખો છે... ફળ-ફૂલના પ્રગટવાની શરૂઆતની મોસમ એટલે વસંત... ખીલવાની અને ખૂલવાની મોસમ એટલે વસંત.... અને એટલે જ મ્હોર આવતાની સાથે જ વસંતની અનુભૂતિ જનજીવન પર અને વૃક્ષજીવન પર દશ્યમાન થાય છે... (તસવીર : દિપક જાની)

# એઈમ્સ જેવી સંસ્થા સ્થાપવા કેન્દ્રની ટીમ આજે ગુજરાત આવે છે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં એઈમ્સ હોસ્પિટલની સ્થળ પસંદગી માટે આવતીકાલે કેન્દ્રની એક ટીમ ગુજરાતના પ્રવાસે આવનારી છે. આ ટીમના અહેવાલ બાદ કેન્દ્ર સરકાર નિર્ણય લેશે.

આ અંગેની વિગતો આપતાં રાજયના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે દિલ્હી ખાતે ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ (એઈમ્સ) સંસ્થા આવેલી છે. એઈમ્સ જેવી સંસ્થાઓ અમુક રાજયોમાં સ્થાપવા અંગોનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે.

આ નિર્ણય અંતર્ગત ગુજરાતમાં આવી સંસ્થા રાજકોટ અથવા બરોડા ખાતે સ્થાપવા માટે આ બે શહેરો પસંદ કરવામાં આવ્યા છે. જો કે કેન્દ્રની ટીમ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવી રહી છે અને આ ટીમ રાજકોટ અને બરોડાની મુલાકાત લેશે અને ટીમ કેન્દ્ર સરકારને અહેવાલ આપશે કે રાજકોટ સ્થાપવી કે બરોડા.

ટીમના અહેવાલ બાદ કેન્દ્ર સરકાર ગુજરાતમાં કયા સ્થળે એઈમ્સ જેવી સંસ્થા સ્થાપવી એ અંગે નિર્ણય લેશે. રાજય સરકાર દ્વારા આ માટે જરુરી જમીન ફાળવી દીધી છે.

# એર ઈન્ડિયા ૧૫મી ફેબ્રુઆરીથી રાજકોટ-દિલ્હી ફ્લાઈટ શરૂ કરશે

## કેન્દ્રીય એવિયેશન મિનિસ્ટરની હાજરીમાં ગુજરાત સરકારે ડીસા અને કેશોદ એરપોર્ટ રાજ્ય હસ્તક કરવાની દરખાસ્ત રજૂ કરી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના રાજકોટને નવી દિલ્હીથી જોડતી એર ઈન્ડિયાની ફ્લાઈટ શરૂ કરવામાં આવી રહી હોવાનું જણાવી રાજયના સિવિલ એવિયેશન મિનિસ્ટર સૌરભ પટેલે કહ્યું હતું કે આ સર્વિસ ૧૫મી ફેબ્રુઆરીથી શરૂ થશે.

મિનિસ્ટરે જણાવ્યું હતું કે પહેલા એવું હતું કે રાજકોટથી દિલ્હી જવું હોય તો હવાઈ મુસાફરી માટે રાજકોટ થી અમદાવાદ આવવું પડતું હતું હવે આ મુસાફરો રાજકોટ એરપોર્ટથી સીધા દિલ્હી જઈ શકશે.

કેન્દ્રીય સિવિલ એવિયેશન મિનિસ્ટર અશોક ગજપતિ રાજુ આજે અમદાવાદ આવ્યા હતા. તેમની સાથે ગુજરાતના સિવિલ એવિયેશન મિનિસ્ટર સૌરભ પટેલ અને ઉચ્ચ અધિકારીઓએ ગુજરાતને હવાઈ ઉડ્ડયનમાં પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી.

ગુજરાત સરકારે આ અગાઉ પણ કેન્દ્ર સરકારમાં રાજકોટ થી સીધી દિલ્હી ફ્લાઈટની સુવિધા શરૂ કરવા રજૂઆતો કરી હતી. રાજકોટ મુંબઈ સાથે એર કનેક્ટિવિટીથી જોડાયેલું છે પણ હવે નવી દિલ્હી સાથે પણ જોડાઈ રહ્યું છે.

આ સાથે ગુજરાત સરકારે બે એરપોર્ટ ડીસા અને કેશોદને ગુજરાત હસ્તક કરવાની પણ ડિમાન્ડ મૂકી છે, કારણ કે ડીસા એરપોર્ટ પવિત્ર યાત્રાધામ અંબાજી સાથે જોડાયેલું છે જયારે કેશોદ એ સોમનાથ, દીવ અને ગીર લાયન સેન્ચ્યુરી સાથે જોડાયેલું છે. આ બન્ને સ્થળો પ્રવાસન મથકોને જોડતા હોવાથી આ માગણી કરવામાં આવી છે. સૌરભ પટેલે કહ્યું હતું કે કેન્દ્રીય મંત્રી પાસેથી આપણને સારો રિસ્પોન્સ મળ્યો છે. તેમણે આ માગણી અંગે વિચારણા કરાશે તેવી હૈયાધારણા આપી છે.


૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

સ્પેશ્યલ ઓફર
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂ. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
(શેરચાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

ઐશ્વર્ય, કીર્તિ, સફળતા અને સ્વાસ્થ્ય માટે દિવ્ય રૂદ્રાક્ષ પ્રાપ્તિનો અમૂલ્ય અવસર
ગાંધીનગરમાં
પ્રસ્તુતકર્તા.... Rudralife® Exclusive and rare Rudraksha
17th ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ
તા.21 થી 23 જાન્યુઆરી
સમય : સવારે ૯ થી રાત્રે ૯
Exhibition Cum Sale
1 થી 21 મુખી, ઈન્દ્રમાળા અને સિદ્ધમાળા
ગાંધીનગર તા.21 થી 23 જાન્યુઆરી
પથિકાશ્રમ સેક્ટર-૧૧, એસ.ટી.સેન્ટેન્ડ પાસે, ઘ-૩ સર્કલ
M.09320077018

અત્યાધુનિક સોલર વૉટર હીટર !
ફક્ત ₹13990થી શરૂ
આજે જ વસાવી લો
મીલ્સેંટ સોલર વૉટર હીટર !
સબસીડી ઉપલબ્ધ
• મીલ્સેંટની બેસ્ટ ક્વૉલીટીની ખાતરી
• ૫ વર્ષની વૉરંટી
• ફ્રી ઈન્સ્ટોલેશન
વુડ ફાયર્ડ વૉટર હીટર | ગેસ ફાયર્ડ વૉટર હીટર | ઈન્સ્ટન્ટ ગેસ ગીઝર
ભારતની સૌથી વધુ વેચાતી અત્યાધુનિક મીલ્સેંટ ઘરઘંટી
ફક્ત ₹2125 ભરીને વસાવો*
બાકીના સરળ હપ્તે વગર વ્યાજે
◇ ગ્રાઈન્ડીંગ ચેમ્બરની લાઈફટાઈમ વૉરંટી
◇ ઘરઘંટીની 3 વર્ષની રેગ્યુલર વૉરંટી
◇ બેસ્ટ આફટર સેલ્સ સર્વિસ
◇ અનેકવિધ આકર્ષક રંગોમાં ઉપલબ્ધ
ફ્રી ડબલ ગિફ્ટ
*શરતો લાગુ. *ઓફર મર્યાદિત શહેરો માટે જ.
ONE-milcent-01-15
ફક્ત ₹12990 થી શરૂ
BAJAJ FINSERV LENDING | CAPITAL FIRST
મીલ્સેંટ
60 વર્ષોનો વિશ્વાસ
ગાંધીનગર : ચંદન ઈલેક્ટ્રોનિક્સ : 23225121
ગાંધીનગર : ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ : 23241511
ગાંધીનગર : હર્ષ વિઝન : 23240716
કલોલ : શ્રી ઈલેક્ટ્રોનિક્સ : 224420
કલોલ : શ્રી સ્ટીલ સેન્ટર : 9925271777
કલોલ : ધનલક્ષ્મી ગેસ સેલ્સ એન્ડ સર્વિસ : 9879596047
દહેગામ : ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ : 230958
ચિલોડા : સતગુરૂ ઈલેક્ટ્રોનિક્સ : 9426273954
સાણંદ : શ્રી શિવશક્તિ ઈલેક્ટ્રોનિક્સ : 9974290065
કુડાસણ : શીવ હોમ એપ્લાયન્સીસ : 8980933111
કુડાસણ : માનસી ઈલેક્ટ્રોનિક્સ : 9824604295
ગોજારીયા : અંબિકા વૉચ : 9824127727
ગોજારીયા : કુમકુમ ઈલેક્ટ્રોનિક્સ : 9979864421
માણસા : ગોપી ઈલેક્ટ્રોનિક્સ : 270774
માણસા : શ્રી ગણેશ એન્ટરપ્રાઈઝ : 9879624530
વિરમગામ : મારૂતી ઈલેક્ટ્રોનિક્સ : 234593
હે.ઑ. : મીલ્સેંટ, 20, જી.આઈ.ડી.સી., વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ. ફોન : 02692-235223, 235323.
Email : info@milcentappliances.com | Website : www.milcentappliances.com